દાખલ તારીખ : ૨૦/૦૩/૨૦૧૩

રજુ કર્યા તારીખ : ૨૦/૦૩/૨૦૧૩

ફેંસલ કર્યા તારીખ : ૧૩/૧૧/૨૦૨૪

સમય : વર્ષ, માસ, દિવસ.

મહે. ૧૬ માં, એડીશ્નલ ચીફ જ્યુડિશ્યલ મેજીસ્ટ્રેટ (અમદાવાદ શહેર ) સાહેબની કોર્ટ મધ્યે,

અમદાવાદ.

ફોજદારી કેસ નં. – ૩૦૦૩૪૫ / ૨૦૧૩

આંક –

<u>ફરિયાદી</u> :–

શ્રી સરકાર

વિરૂધ્ધ

<u>તહોમતદારો</u> :–

(૧) સતીષ રાજારામ ચૌહાણ, ઉ. વ. – ૨૭,

રહે. જય ખોડીયારની લાઇન, કુંભારજીની ચાલી,

રામેશ્વર, મેઘાણીનગર, અમદાવાદ.

(આંક – ૧૩ ના હુકમ મુજબ ટ્રાયલ અલગ કરેલ છે.)

(૨) નરોત્તમ ઉર્ફે મીન્ટુ સ/ઓ જસવંતસીંગ સેંગર, ઉ. વ. – ૨૦,

રહે. ગામ – ઉંદ, જી. – વાલોના (ઉ.પ્ર).

હાલ રહે. રામકુમાર તિવારીની ચાલી, ભગવતી સ્કૂલની પાસે,

**ભાર્ગવ રોડ, મેઘાનીનગર, અમદાવાદ.**

**ગુન્હો :- ધી આર્મ્સ એકટની કલમ – ૨૫(૧–બી)(એ)(સી) તથા ૨૭ મુજબ.**

---

**શ્રી સરકાર તરફે :- વિ. એ. પી. પી. શ્રી એચ. બી. દેસાઇ.**

**તહોમતદાર નં – ૨ તરફે :- વિ. વ. શ્રી વી. પી. સીંઘ**

---

**-:: ચુકાદો ::-**

**(૧)** આ કામે ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકતો એવી રહેલ છે કે, ગઇ તા. ૧૭/૧૨/૧૨ના રોજ રામેશ્વર બ્રીજ નીચે એક ઓટલા ઉપર મેઘાણીનગર, અમદાવાદ મુકામે આ કામના તહોમતદારોએ એકબીજાની મદદગારમાં અનઅધિકૃત રીતે મુદ્ધામાલ પાવતીમાં જણાવેલ અગ્નિશસ્ત્ર અને દારૂ ગોળો કોઇ ગુનાહીત કૃત્ય કરવાના ઇરાદાથી આ કામના તહોમતદાર નં. – ૦૧ વાળાએ પોતાના કબ્જામાં રાખી અને તહોમતદાર નં. – ૦૨ વાળાએ પરપ્રાંતમાંથી લાવી તે તહોમતદાર નં. – ૦૧ વાળાને આપી ગુનો કરવા બાબતે ફરિયાદીએ તહોમતદારો વિરૂદ્ધ મેઘાણીનગર પોલીસ સ્ટેશનમાં તા.૧૭/૧૨/૨૦૧૨ ના રોજ ધી આર્મ્સ એકટની કલમ–૨૫(૧–બી)(એ)(સી) તથા ૨૭ મુજબની ફરિયાદ કરતાં પોલીસે સેકન્ડ ગુના રજી. નં. – ૩૨૦૭/૨૦૧૨ થી ગુનો રજીસ્ટર કરેલ. તહોમતદારોને અટક કરેલ અને તપાસ કરનાર અમલદારે તપાસના અંતે પુરાવો જણાંતા તહોમતદારો વિરૂધ્ધ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ – ૧૭૩ અન્વયે ચાર્જશીટ તા. ૨૦/૦૩/ ૨૦૧૩ ના રોજ દાખલ કરેલ હતું.

**(૨)** આ કામના તહોમતદારોને સમન્સની બજવણી થતાં તહોમતદારો તેમના વિ. વ. શ્રી મારફતે હાજર થતાં, મારા પૂરોગામીશ્રીએ તેમને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ – ૨૦૭ ની

જોગવાઈઓને આધિન રહી પોલીસ તપાસના કાગળોની નકલો વિના મુલ્યે મળ્યા અંગેની ખાત્રી કરી હતી. મારા પુરોગામીશ્રીએ ત્યારબાદ સદર કામે તહોમતદારો વિરૂદ્ધ આક્ષેપિત ગુનાનું તહોમતનામું આંક – ૦૨ થી તા. ૨૪/૫/૨૦૧૩ ના રોજ ફરમાવી તેને વાંચી, સમજાવી તહોમતદારોનું નિવેદન આંક – ૦૩ તથા ૦૪ થી રેકર્ડ કરતાં તેઓને ગુન્હો કબુલ ન હોવાથી ફરિયાદપક્ષના પુરાવો નોંધવા પર મુલત્વી રાખેલ.

ત્યાર બાદ આ કામના તહોમતદાર નં – ૧ વાળા લાંબા સમયથી હાજર રહેતા ન હોય. આ કામના તહોમતદાર નં – ૨ વાળા હાજર રહેતા હોય તહોમતદાર નં – ૨ વાળાએ આંક – ૧૩ થી તહોમતદાર વિરૂધ્ધની કાર્યવાહી આગળ ચલાવવા અને કેસ અલગ કરવા અરજી રજૂ રાખતા તે તળે કરવામાં આવેલ હુકમ મુજબ તહોમતદાર નં – ૨ પુરતી હાલની ટ્રાયલ આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) આ કામે ફરિયાદપક્ષે પોતાના કેસની હકીકતો સાબિત કરવા માટે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખવામાં આવેલા છે.

**<u>–: ફરિયાદપક્ષે મૌખિક પુરાવાઓ :–</u>**

| | | |
|---|---|---|
| ૧. | આંક – ૦૫ | થી ફરિયાદી સાહેદ મનસુખભાઇ દેવાભાઇનો સોગંદ પરનો પુરાવો. |
| ૨. | આંક – ૦૭ | થી પંચ સોમાજી કુલાજીનો સોગંદ પરનો પુરાવો. |
| ૩. | આંક – ૦૯ | થી પંચ જયોર્જ ગોવિંદભાઇ ક્રિશ્ચનનો સોગંદ પરનો પુરાવો. |
| ૪. | આંક – ૧૧ | થી પંચ સરેશ ભુરાભાઇનો સોગંદ પરનો પુરાવો. |
| ૫. | આંક – ૧૨ | થી સાહેદ વીરેન્દ્રસીંહ વિક્રમસીહ રાઠોડનો સોગંદ પરનો પુરાવો |
| ૫. | આંક – ૨૦ | થી સાહેદ હર્ષદભાઇ મનોહરભાઇનો સોગંદ પરનો પુરાવો. |

**<u>–: ફરિયાદપક્ષે દસ્તાવેજી પુરાવાઓ :–</u>**

| | | |
|---|---|---|
| ૧. | આંક – ૦૬ | થી ફરિયાદ. |

૨. આંક – ૦૮ થી પંચનામું.

૩. આંક – ૧૦ થી પંચનામું.

ત્યારબાદ સદર કામે તપાસ કરનાર અધિકારીશ્રીનાઓને આંક – ૨૫ થી રજુ સાહેદ સમન્સ કરતાં તેઓ મરણ ગયેલા હોય તેમના મરણ સર્ટીફીકેટની કોપી સાથે પરત આવેલ હોય, જેથી ફરિયાદપક્ષે વિ. એ. પી. પી. શ્રીએ મૌખિક વિનંતીથી ફરિયાદપક્ષનો પુરાવો પુરો થયાનું જાહેર કરતાં ફરિયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે.

(૪) આ કામે ફરિયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ રેકર્ડ વંચાણે લેતાં તહોમતદારોનું સી. આર. પી. સી. કલમ – ૩૧૩ મુજબનું વિશેષ નિવેદન લેતા તેઓએ ફરિયાદપક્ષના પુરાવાનો ઇન્કાર કરેલ છે અને તેઓએ સોગંદ ઉપર જુબાની આપવી નથી તેમજ બચાવના સાહેદો તપાસવા નથી તેમ જણાવી વિશષેમાં, ખોટી ફરિયાદ કરેલ છે, તેમ જણાવેલ છે.

(૫) આ કામે ફરિયાદપક્ષે વિ. એ. પી. પી. શ્રીની રજુઆત છે કે, આ કામના તહોમતદારના હવાલામાંથી આ કામેનો કહેવાતો મુદ્દામાલ મળી આવેલ છે. આ કામના તહોમતદારના હવાલામાંથી મુદ્દામાલ હથિયાર મળી આવવા બાબતે તહોમતદાર પાસે કોઇ પાસ પરવાનો નહીં હોવાનું જાહેર થયેલ છે. આ કામે ફરિયાદી તથા સાહેદો આ કામેના તહોમતદારના હવાલમાંથી કહેવાતો મુદ્દામાલ મળી આવેલ હોવાની હકીકતોને સોગંદ પરના પુરાવામાં સમર્થન કરી રહેલ છે. આ કામના તહોમતદાર તરફે જે બચાવ રજુ રાખવામાં આવેલ છે, તે બચાવ ધ્યાને લેવામાં આવે તો તે પણ ટકવાપાત્ર જણાઇ આવતો નથી. આ તમામ હકીકતો ધ્યાને લેતાં આ કામના તહોમતદારોને આ ગુનાના કામે તકસીરવાન ઠરાવી ધોરણસર સજા કરવી જોઇએ.

આ કામેના તહોમતદાર તરફેના વિ. વ. શ્રીની રજુઆત છે કે, આ કામના તહોમતદારને આ ગુનાના કામે ખોટી રીતે સંડોવી દેવામાં આવેલ છે. આ કામના તહોમતદારના હવાલામાંથી કોઇ મુદ્દામાલ રીકરવર કરવામાં આવેલ નથી. આ કામના તહોમતદાર વિરૂદ્ધ આ કામેના રીકવરી પંચો

સમર્થન કરતાં નથી. આ કામના તહોમતદારે કહેવાતો ગુનો કરેલ તે સ્થળ પર આજુબાજુમાં દુકાન અને મકાન છે. સ્થળ પરથી સ્વતંત્ર સાહેદો મળી શકે તેમ હોવા છતાં આ કામે સ્વતંત્ર સાહેદોના નિવેદનો નોંધવામાં આવેલ નથી. આ કામે પોલીસ સિવાય અન્ય કોઇ સાહેદોના પુરાવાથી બનાવવાળી હકીકતોને સમર્થન મળતું નથી. આ તમામ હકીકતોએ આ કામના ફરિયાદપક્ષે તહોમતદાર વિરૂદ્ધના આક્ષેપોને નિ:શંકપણે સાબિત કરેલ ન હોવાની હકીકતોએ આ કામના તહોમતદારને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

**(૬)** આ કામે ફરિયાદપક્ષે રજુ રાખવામાં આવેલા પુરાવાની હકીકતોને ધ્યાને લેતાં નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**<u>-: મુદ્દા :-</u>**

(૧) શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, ગઇ તા. ૧૭/૧૨/૧૨ના રોજ રામેશ્વર બ્રીજ નીચે એક ઓટલા ઉપર મેઘાણીનગર, અમદાવાદ મુકામે આ કામના તહોમતદારોએ એકબીજાની મદદગારમાં અનઅધિકૃત રીતે મુદ્દામાલ પાવતીમાં જણાવેલ અગ્નિશસ્ત્ર અને દારૂ ગોળો કોઇ ગુનાહીત કૃત્ય કરવાના ઈરાદાથી આ કામના તહોમતદાર નં. - ૦૧ વાળાએ પોતાના કબ્જામાં રાખી અને તહોમતદાર નં. - ૦૨ વાળાએ પરપ્રાંતમાંથી લાવી તે તહોમતદાર નં. - ૦૧ વાળાને આપી ધી આર્મ્સ એકટની કલમ-૨૫(૧-બી)(એ)(સી) તથા ૨૭ મુજબનો સજાને પાત્ર ગુન્હો કર્યો છે.

(૨) શું હુકમ ?

**(૭)** ઉપરોકત મુદ્દાઓનો ન્યાય નિર્ણય નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

## -:: કારણો ::-

## (૮) મુદ્દા નં. – ૦૧ ના કારણોની ચર્ચા :-

આ કામે પુરાવાની ચર્ચા કરતા અગાઉ આર્મ્સ એકટની કલમ–૨૫ અને કલમ–૩૯ મહત્વની હોઇ તે નીચે મુજબ છે......

**Section 25 – Punishment for certain offences**

(1) Whoever---

(a) acquires, has in his possession or carries any firearm or ammunition in contravention of section 3; or

(b) acquires, has in his possession or carries in any place specified by notification under section 4 any arms of such class or description as has been specified in that notification; in contravention of that section; or

(c) manufactures, sells, transfers, converts, repairs, tests or proves, or exposes or offers for sale or transfer, or has in his possession for sale, transfer, conversion, repair, test or proof, any arms or ammunition in contravention of section 5; or

(d) shortens the barrel of a firearm or converts an imitation firearm into a firearm in contravention of section 6; or

(e) acquires, has in his possession or carries, or manufactures, sells, transfers, converts, repairs, tests or proves, or exposes or offers for sale or transfer, or has in his possession for sale, transfer, conversion, repair, test or proof, any prohibited arms or prohibited ammunition in contravention of section 7; or

(f) sells or transfers any firearm which does not bear the name of the maker, manufacturer's

number or other identification mark stamped or otherwise shown thereon as required by sub-section (2) of section 8 or does any act in contravention of sub-section (1) of that section; or

(g) being a person to whom sub-clause (ii) or sub-clause (iii) of clause (a) of sub – section (1) of section 9 applies, acquires, has in his possession or carries any firearm or ammunition in contravention of that section; or

(h) sells or transfers, or converts, repairs, tests or proves any firearm or ammunition in contravention of clause (b) of sub-section (1) of section 9; or

(i) brings into, or takes out of, India, any arms or ammunition in contravention of section 10; or

(j) brings into, or takes out of, India, arms or ammunition of any class or description in contravention of section 11; or

(k) transports any arms or ammunition in contravention of section 12; or

(l) fails to deposit arms or ammunition as required by sub-section (1) of section 21; or

(m) being a manufacturer of, or dealer in, arms or ammunition, fails, on being required to do so by rules made under section 44, to maintain a record or account or to make therein all such entries as are required by such rules or intentionally makes a false entry therein or prevents or obstructs the inspection of such record or account of the making of copies of entries therefrom or prevents or obstructs the entry into any premises or other place where arms or ammunition are or is manufactured or kept or intentionally fails to exhibit or conceals such arms or ammunition or refuses to

point out where the same are or is manufactured or kept;

shall be punishable with imprisonment for a term which may extend to three years, or with fine, or with both.

(2) Whoever being a person to whom sub-clause (i) of clause (a) of sub-section (1) of section 9 applies, acquires, has in his possession or carries any firearm or ammunition in contravention of that section shall be punishable with imprisonment for a term which may extend to one year, or with fine, or with both.

(3) Whoever having sold or transferred any firearms or ammunition or other arms under the proviso to section 5 fails to inform the district magistrate having jurisdiction or the officer in charge of the nearest police station, of such sale or transfer shall be punishable with imprisonment for a term which may extend to six months, or with fine of an amount which may extend to five hundred rupees, or with both.

(4) Whoever fails to deliver up a licence when so required by the licensing authority under sub-section (1) of section 17 for the purpose of varying the conditions specified in the licence of fails to surrender a licence to the appropriate authority under sub- section (10) of that section on its suspension or revocation shall be punishable with imprisonment for a term which may extend to six months, or with fine of an amount which may extend to five hundred rupees, or with both.

(5) Whoever, when required under section 19 to give his name and address, refuses to give such name and address or gives a name or address which subsequently transpires to be false shall be punishable with imprisonment for a term which may extend to six months, or with fine of an amount

which may extend to two hundred rupees, or with both.

**આ સાથે કલમ– ૩૯ મુજબની જોગવાઇ ધ્યાને લેવામાં આવે તો .......**

**Section 39 - Previous sanction of the district magistrate necessary in certain cases :-**

No prosecution shall be instituted against any person in respect of any offence under section 3 without the previous sanction of the district magistrate.

(૯) આ કામે ફરિયાદપક્ષે પોતાની હકીકતોના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજૂ રાખેલ છે.

(૯.૧) આ કામે આંક – ૦૫ થી ફરિયાદી મનસુખભાઇ દેવાભાઇ સોગંદ પરની સરતપાસમાં જણાવે છે કે, તા.૧૭/૧૨/૧૨ ના રોજ તેઓ મેઘાણીનગર પોલીસ સ્ટેશનમાં તેમની ફરજ બજાવતાં હતાં. તે સમયે તેમની સાથે પો. કો., હે. કો. તથા પી. એસ. આઇ. તથા પી. આઇ. હતા. તેઓ ચુંટણી સંબંધી ક્યુ. આર. ટી. ટીમમાં બંદોબસ્તમાં પેટ્રોલીંગમાં હતાં, ત્યારે રામેશ્વર ચાર રસ્તા આવતાં, પો. કો. હર્ષદકુમારને, રામેશ્વર પુલ નીચે, ઓટલા ઉપર એક ઇસમ કે જેણે આડી ચોકડીવાળું શર્ટ તથા ગુલાબી રંગનું ટ્રેકસુટ પહેરેલ છે અને તેની પાસે એક પિસ્તોલ હથિયાર છે અને તે ત્યાં લઇને બેહેલ છે, તેવી બાતમી મળતાં, રસ્તે જતાં બે પંચોને સાથે લઇ રાઉલજી સાહેબ સાથે સદર બાતમીવાળી જગ્યાએ જઇ ત્યાંથી બાતમી હકીકતવાળો ઇસમને પકડી લીધેલ. તેનું નામ, ઠામ પુછતાં તેણે પોતાનું નામ સતીષ રાજારામ ચૌહાણ, રહે. જય ખોડીયાર માતાના મંદિર પાસે, કુંભાજીની ચાલી, રામેશ્વર, અમદાવાદનું હોવાનું જણાવેલ.

સદર તહોમતદારની પંચો રૂબરૂ અંગઝડતી કરતાં તેની ફેંટમાંથી એક પિસ્ટલ સ્ટેનલેસ સ્ટીલની, કાળા ફાયબરના હાથાવાળી, ખાલી મેગ્જીનવાળી પિસ્ટલ જોતાં તેના પર કોઈપણ પ્રકારના માર્ક કે ઓળખચિન્હ હતાં નહીં, જે પિસ્ટલ પોતાની પાસે રાખવા અંગેની પાસ પરમીટ માંગતા તેની પાસે નહીં હોવાનું જણાવતાં સદર પિસ્ટલ પંચો રૂબરૂ તપાસ અર્થે કબ્જે કરેલ. તેની પાસેથી બીજી કોઇ વસ્તુ મળી આવેલ નહીં. આ પિસ્ટલને એક પારદર્શક પ્લાસ્ટીકના ડબ્બામાં મુકી લાખથી બાંધી સિલ કરી પંચોની તથા પી. એસ. ઓ. બળવંતસિંહ ની સહીવાળી સ્લીપ મુકી સિલ કરી તપાસ અર્થે કબ્જે લીધેલ. તેઓએ સદર કામની ફરિયાદ આપેલ હોવાનું જણાવી આંક – ૦૬ થી પુરાવામાં રજુ રાખેલ છે.

આ કામે તહોમતદાર નં. – ૦૧ તરફે કરવામાં આવેલી ઉલટતપાસમાં, તેઓએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, બનાવવાળા સ્થળે માણસોની અવર – જવર રહે છે, તે જાહેર રોડ છે અને સામેની સાઈડે દુકાનો તેમજ ચાલીઓ આવેલી છે. તેમજ તેઓએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, કબ્જે કરેલ કોઇ બ્રાન્ડની ન હતી. તેઓને પુછવામાં આવેલા અન્ય સૂચક સવાલોના તેઓએ નકારમાં ઉત્તરો આપેલા છે. જયારે તહોમતદાર નં. – ૦૨ તરફે કરવામાં આવેલી ઉલટતપાસમાં એ વાતનો સ્વીકાર કરેલ છે કે, આ કામે તહોમતદાર નં. – ૦૧ ને પકડવામાં આવેલ અને પંચનામું કરેલ તે દરમિયાન તહોમતદાર નં. – ૦૨ નરોત્તમ સામે કોઈપણ પ્રકારનો પુરાવો મળી આવેલ નહીં. ફરિયાદ આપી તે દરમિયાન તહોમતદાર નં. – ૦૨ સામે કોઇ હકીકત ખુલેલી નહીં. તેઓએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, આ કામની ફરિયાદ આપી ત્યાં સુધી તહોમતદાર નં. – ૦૨ સામે તેમને કોઇ માહિતી મળેલ નહીં.

(૯.૨) ફરિયાદપક્ષે આંક – ૦૭ થી પંચ સોમાજી કુલાજી સોગંદ પરની સરતપાસમાં એવો પુરાવો આપે છે કે, તા.૧૭/૧૨/૧૨ ના રોજ પોલીસે તેમને કોઇ જગ્યાએ બોલાવેલ

નહી અને તેઓની હાજરીમાં કોઇ પંચનામું કરેલ નહીં, તેમજ કોઇ મુદ્દામાલ કબ્જે કરેલ નહીં. પંચનામામાં તેઓ તેમની સહીઓ ઓળખી બતાવે છે, જે પંચનામું આ કામે આંક – ૦૮ થી પુરાવામાં રજુ રાખેલ છે. આ પંચ પંચનામાની કોઇ હકીકતને સમર્થન કરતાં ન હોય વિ. એ. પી. પી. શ્રીએ તેમને ફરી ગયેલા સાહેદ જાહેર કરી સૂચક પ્રશ્નો પુછવા છતાં તેઓ પંચનામાની કોઇ હકીકતને સમર્થન કરતાં નથી. જયારે તહોમતદારો તરફે સદર પંચની કોઇ ઉલટતપાસ ન હોવાનું જણાવેલ છે.

(૯.૩) ફરિયાદપક્ષે આંક – ૦૯ થી પંચ જયોર્જ ગોવિંદભાઇ ક્રિશ્ચન તથા આંક – ૧૧ થી પંચ સુરેશ ભુરાભાઇ સોગંદ પરની સરતપાસમાં એવો પુરાવો આપે છે કે, તા. ૨૨/૦૧/૧૩ ના રોજ પોલીસે તેમને કોઇ જગ્યાએ બોલાવેલ નહી અને તેઓની હાજરીમાં કોઇ પંચનામું કરેલ નહીં, તેમજ કોઇ મુદ્દામાલ કબ્જે કરેલ નહીં. પંચનામામાં તેઓ તેમની સહીઓ ઓળખી બતાવે છે, જે પંચનામું આ કામે આંક – ૧૦ થી પુરાવામાં રજુ રાખેલ છે. આ બંને પંચ સાહેદો પંચનામાની કોઇ હકીકતને સમર્થન કરતાં ન હોય વિ. એ. પી. પી. શ્રીએ તેમને ફરી ગયેલા સાહેદ જાહેર કરી સૂચક પ્રશ્નો પુછવા છતાં તેઓ પંચનામાની કોઇ હકીકતને સમર્થન કરતાં નથી. જયારે તહોમતદારો તરફે સદર પંચ સાહેદોની કોઇ ઉલટતપાસ ન હોવાનું જણાવેલ છે.

(૯.૪) ફરિયાદપક્ષે આંક – ૧૨ થી સાહેદ તા. ૧૭/૧૨/૧૨ ના રોજ મેઘાણીનગર પોલીસ સ્ટેશનમાં હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ પર હતા. તેઓની સાથે પી.એસ. આઇ. સોલંકી તથા પી.આઇ. રાઓલજી વિ. ચુટણી સંબંધી બંદો બસ્તમાં હતા. ત્યારે પો. કો. હર્ષદકુમારને રામેશ્વર પુલ નીચે ઓટા પર જેણે ચોકડી વાળો શર્ટ તથા ટ્રેક સુટ પહેરેલ છે તે વ્યકિત પાસે પીસ્તોલ હથીયાર છે અને તે બેસેલ છે તેવી બાતમી સાંજે ૮–૧૦ વાગે મળેલી. તેમણે બાતમી પી. આઇ. તથા પી. એસ. આઇ. ને આપેલ. તેથી સાહેબે નજીકમાંથી બે પંચો બોલાવી બાતમી હકીકતથી વાકેફ કરેલ. બાતમીવાળી

જગ્યાએ ગયેલ અને થોડે દુરથી ચકાણસણી કરતા બાતમી સાચી જણાતા તેને પકડી લીધેલ. તેણે પોતાનું નામ સતીશ રાજારામ ચૌહાણ જણાવેલ. તેની અંગ જડતી કરતા એક પીસ્તોલ મળી આવેલ. જે કાળા ફાઇબરના હાથાવાળી મેગજીન વાળી અને જેનું મેગજીન ખાલી હતુ તે પીસ્પોલને ખોલી જોતા તેના પર કોઇ માર્ક કે ઓળખ ચીન્હ ન હતા. તેની પાસેથી પીસ્તોલ રાખવાનું લાઇસન્સ માંગતા ન હતુ. આથી તેઓના સાહેબે તે બાબતે પંચનામું કરી પીસ્તોલ કબજે કરેલ અને શીલ કરેલ. તેઓનું નિવેદન લેવામાં આવેલ. તેઓને મુદામાલ બતાવવામાં આવે તો તેઓ ઓળખી શકે. તેઓ તહોમતદારને ઓળખી શકતા હોવાનું જણાવે છે.

(૯.૫) ફરિયાદપક્ષે આંક – ૨૦ થી સાહેદ હર્ષદભાઇ મનોહરભાઇ મહેકર તેમની સોગંદ પરની સરતપાસમાં જણાવે છે કે, તેઓ ગઇ તા. ૧૭/૧૨/૧૨ ના રોજ સાંજના સમયે પી. એસ. આઇ. બળવંતસિંહ સોલંકી, હે. કો. મનસુખભાઇ તથા બીજા સ્ટાફના માણસો સાથે પેટ્રોલીંગમાં હતાં. તે દરમિયાન સાંજના કલાક–૧૦.૦૦ ના અરસામાં તેઓને બાતમી મળેલી કે, આ ઇસમ જેણે શરીરે ચોકડીવાળું શર્ટ તથા બ્લેક કલરુનું પેન્ટ પહેરેલ છે તે ઇસમ રામેશ્વર બ્રીજ નીચે એક ઓટલા ઉપર બેઠેલ છે અને તેની પાસે ગેરકાયદેસરની પિસ્તોલ છુપાવી રાખેલ છે, વગેરે હકીકતોને આધારે પી. એસ. આઇ. એ બે પંચોને બોલાવી હકીકતવાળી જગ્યાએ જઇ તે ઇસમને કોર્ડન કરી પકડી લીધેલ. તેની પાસેથી બ્લેક પેન્ટના ફેંટના ભાગે છુપાવેલી પિસ્તોલ મેગ્જીનવાળી કાર્ટીઝ વગર પકડી પાડેલી. તેની પાસે આ હથિયાર રાખવાનું લાયસન્સ માંગતા તેની પાસે ન હોય તહોમતદાર સતીષ રાજારામ ચૌહાણ વિરૂદ્ધ સાથેના હે. કો. મનસુખ દેવાભાઇએ ફરિયાદ આપેલી. તેઓ વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી પી. એસ. આઇ. રૂબરૂ કરેલી અને આ માટે તેઓને રૂબરૂ નિવેદન જે તે વખતે લખાવેલ હતું. તહોમતદાર સતીષ રાજારામ કોર્ટમાં હાજર છે. સાહેદ હાથ વડે એક ઇસમને સતીષ રાજારામ તરીકે ઓળખી બતાવે છે અને તેનું નામ પુછતાં નરોત્તમ જશવંતસીંગ સિંગર હોવાનું જણાવે છે.

આ સાહેદની તહોમતદાર નં. – ૦૨ તરફે કોઇ ઉલટતપાસ ન હોવાનું જણાવેલ છે.

**(૧૦)** આ કામે ફરીયાદ પક્ષે રજૂ રાખવામાં આવેલ ઉપરોકત પુરાવાની હકીકતો ધ્યાને લેવામાં આવે તો આ કામે ફરીયાદી અને સાહેદો સોગંદ પરના પુરાવા દરમ્યાન આ કામના તહોમતદાર નં – ૧ વાળા સ્થળ પર મળી આવેલ હોવાનું જણાવે છે. આ કામે ફરીયાદી તથા સાહેદોના પુરાવામાં તહોમતદાર નં – ૨ વાળાએ કેવી રીતે આ ગુનામાં કોઇ રોલ નિભાવેલ હતો તે બાબતે કોઇ હકીકતો જણાઇ આવતી નથી. આ કામે ફરીયાદી અને સાહેદોના પુરાવામાં એવી હકીકતો પણ જણાઇ આવતી નથી કે તેઓના કોઇ વિશેષ નિવેદન તપાસ દરમ્યાન લેવામાં આવેલ હતા કે કેમ? આ હકીકતો ધ્યાને લેવામાં આવે તો આ કામના ફરીયાદી કે સાહેદોના પુરાવામાં તહોમતદાર નં – ૨ વાળા વિરૂધ્ધની કોઇ હકીકતો રેકર્ડ પર આવતી હોવાનું જણાઇ આવતું નથી.

**(૧૧)** આ કામે ફરીયાદ પક્ષે તપાસ કરનાર અધીકારીશ્રી પી. એસ. આઇ. શ્રી બળવંતસીંહ સોલંકી અવશાન પામેલ હોવાની હકીકતો તપાસવામાં આવેલ નથી. આ તપાસ કરનાર અધીકારીશ્રીના પુરાવાની ગેરહાજરીમાં આ કામના તહોમતદાર નં – ૨ વાળા વિરૂધ્ધના આક્ષેપો સાબિત કરી શકાયેલ નથી. તહોમતદાર નં – ૨ વાળાની હકીકતો કેવી રીતે ખુલવા પામેલ તે બાબતે સ્પષ્ટતા થઇ શકેલ નથી. જે હકીકતોએ આ કામે ફરીયાદ પક્ષના પુરાવામાં તહોમતદાર નં – ૨ વાળા વિરૂધ્ધની હકીકતો નિ:શંક પણે પુરવાર કરી શકાયેલ હોવાનું જણાઇ આવતું નથી.

**(૧૨)** આ કામે ફરીયાદ પક્ષે ફરીયાદી કે સાહેદોને તેઓના પુરાવા દરમ્યાન આ હથીયાર બતાવવામાં આવેલ હોવાનું જણાઇ આવતું નથી. સામાન્ય રીતે જયારે કોઇ બનાવમાં હથીયાર સંકળાયેલ હોય અને તે હથીયાર ગુનાના કામે ઉપયોગમાં લેવામાં આવેલ હોવાના આક્ષેપો હોય તો સ્વાભાવિક રીતે પુરાવા દરમ્યાન આ હથીયારની ઓળખ થવી જરૂરી બની રહે. આ કામે ફરીયાદી કે કોઇ સાહેદોને પુરાવા દરમ્યાન હથીયાર બતાવવામાં આવેલ હોવાની હકીકતો જણાઇ આવતી ન હોવાની હકીકતોએ

ફરીયાદ પક્ષે હથીયાર સાબિત કરવામાં આવેલ હોવાની હકીકતો રહેલ ન હોય આ કામે મહત્વની ક્ષતિ અને ખામી જણાઇ આવે છે.

**(૧૩)** આ કામે ફરીયાદ પક્ષે તપાસ કરનાર અધીકારીશ્રી અવશાન પામેલ હોવાની હકીકતોએ આ મુદામાલ એફ. એસ. એલ. માં મોકલવામાં આવેલ કે કેમ? તેનો શું રીપોર્ટ આવેલ? તેવી હકીકતો રેકર્ડ પર લાવવામાં આવેલ નથી. આ કામે જયારે આ હથીયાર બાબતે એફ. એસ. એલ. નો રીપોર્ટ રેકર્ડ પર લાવવામાં આવેલ નથી. તે હકીકતોએ આ કામે ફરીયાદ પક્ષની તપાસમાં તથા પુરાવામાં મહત્વની ક્ષતિ અને ખામી હોવાનું જણાઇ આવે છે.

**(૧૪)** આ કામે ફરીયાદ પક્ષે તપાસ કરનાર અધીકારીશ્રી અવશાન પામેલ હોવાની હકીકતોએ આ કામે ચાર્જશીટ કરતા પહેલા સક્ષમ અધિકારીશ્રી પાસેથી કલમ – ૩૯ મુજબની કોઇ પરવાનગી મેળવવામાં આવેલ હતી કે કેમ? આવી પરવાનગી આપવામાં આવેલ હતી કે કેમ? વિ. હકીકતો રેકર્ડ પર લાવી શકાયેલ નથી. તે હકીકતોએ આ કામે ફરીયાદ પક્ષની તપાસમાં તથા પુરાવામાં મહત્વની ક્ષતિ અને ખામી હોવાનું જણાઇ આવે છે.

**(૧૫)** આ કામે ફરીયાદ પક્ષે તહોમતદાર વિરૂધ્ધના આક્ષેપો નિ:શંક પણે પુરવાર કરવામાં આવેલ નથી. ઉપરોકત જણાવ્યા મુજબ ફરીયાદ પક્ષના પુરાવામાં તથા તપાસમાં મહત્વની ક્ષતિઓ અને ખામીઓ હોવાનું જણાઇ આવેલ છે. જયારે ફરીયાદ પક્ષના પુરાવામાં મહત્વની શંકાઓ અને ક્ષતિઓ હોવાનું જણાઇ આવે તે સંજોગોમાં આવી ક્ષતિઓ અને શંકાઓનો લાભ તહોમતદારને આપવો જોઇએ. તેમ નામદાર મહેરબાન સર્વોચ્ચ અદાલતે તથા નામદાર મહેરબાન વડી અદાલતોએ અનેક માર્ગદર્શક ચુકાદાઓથી પ્રસ્થાપિત કરેલ છે. સદર પ્રસ્થાપિત માર્ગદર્શક સીધ્ધાંતો ધ્યાને લઇ આ કામે ઉત્પન્ન થતી ક્ષતિઓ અને ખામીઓનો લાભ તહોમતદારને આપવો જોઇએ. તેમ મારૂ નમ્ર પણે માનવું છે.

ઉપરોકત રેકર્ડ પરની તમામ હકીકતો તથા કારણો તથા સંજોગો તથા કાયદાની સ્થિતિ તથા પરિસ્થિતિ ધ્યાને લઇ મુદા નં – ૧ નો જવાબ નકારમાં આપી મુદા નં – ૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**– :: આખરી હુકમ :: –**

૧) આ કામે મેઘાણીનગર પોલીસ સ્ટેશનના સેકન્ડ ગુના રજી. નં. – ૩૨૦૭/૨૦૧૨ ના કામના તહોમતદાર નં – ૨) નરોત્તમ ઉર્ફે મીન્ટુ સ./ઓ. જશવંતસીંગ સેંગર, ઉ. વ. – ૨૦, રહે – ગામ – ઉંદ, જી. – વાલોના (ઉ.પ્ર). હાલ રહે. – રામકુમાર તિવારીની ચાલી, ભગવતી સ્કૂલની પાસે, ભાર્ગવ રોડ, મેઘાનીનગર, અમદાવાદવાળાઓને ક્રિમિનલ પ્રોસીજર કોડ કલમ – ૨૪૮(૧) મુજબ ધી આર્મસ એકટ કલમ – ૨૫(૧–બી)(એ)(સી) તથા ૨૭ મુજબના શિક્ષા પાત્ર ગુનાના કામેથી શંકાનો આભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

આ કામના તહોમતદાર નં – ૧) સતીષ રાજારામ ચૌહાણ, ઉ. વ. – ૨૭, રહે. – જય ખોડીયારની લાઇન, કુંભારજીની ચાલી, રામેશ્વર, મેઘાણીનગર, અમદાવાદવાળા વિરૂઘ્ધ આંક – ૧૩ ની અરજી તળે કરેલ હુકમ મુજબ નવું ચાર્જશીટ કરવામાં આવ્યેથી અલગથી કાર્યવાહી કરવાની રહેશે.

૨) આ કામે મુદામાલ પાવતીમાં જણાવેલ મુદામાલ બાબતે તહોમતદાર નં – ૧) વાળા વિરૂઘ્ધ ચલાવવામાં આવતી કાર્યવાહીના કામે કરવામાં આવે તે હુકમ મુજબ નિકાલ કરવાનો રહેશે.

૩) આ કામના તહોમતદાર નં – ૨ વાળાના જાત મુચરકા અને જામીનખત રદ કરવાનો હુકમ કરવામાં આવે છે. આ કામના તહોમતદાર નં – ૨ વાળાએ રૂા. ૫,૦૦૦–૦૦ (પાંચ હજાર પુરા) ના સદ્ઘર જામીન તથા જાત મુચરકા ક્રિમિનલ પ્રોસીજર કોડ કલમ – ૪૩૭(ક) મુજબના રજૂ રાખવાના રહેશે.

હુકમ આજરોજ તા. – ૧૩ મી, માહે – નવેમ્બર, સને – ૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરી જાહેર કરવામાં આવ્યો.

**તારીખ : ૧૩/૧૧/૨૪**
**સ્થળ : અમદાવાદ**

**(પરેશગીરી નટવરગર ગોસ્વામી)**
**૧૬ મા, એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,**
**અમદાવાદ શહેર.**
**કોડ નં – જીજે – ૦૧૦૩૭**

#**VBVALA**#